## ➢ તારણો (Conclusions)

- રસાયણવિજ્ઞાનમાં MCQ પરીક્ષામાં ઓછા માર્ક્સ આવવાના મુખ્ય કારણો છે : ખ્યાલોની અસ્પષ્ટતા, પ્રેક્ટિસનો અભાવ, સમય વ્યવસ્થાપનનો અભાવ અને માનસિક દબાણ.
- શિક્ષણ પધ્ધતિમાં ખ્યાલ આધારિત અભ્યાસ, ટેકનોલોજીનો ઉપયોગ અને સમય સંચાલનતાલીમ આપવામાં આવે તો પરિણામોમાં નોંધ પાત્ર સુધારો શક્ય છે.

## ➢ સૂચનો (Suggestions)

૧. શાળાઓમાં નિયમિત MCQ પ્રેક્ટિસ ટેસ્ટ લેવા જોઈએ.
૨. શિક્ષકો દ્વારા MCQ ઉકેલવાની રણનીતિ શીખવવી જોઈએ.
૩. વિદ્યાર્થીઓને સમયસંચાલન તાલીમ આપવી જરૂરી છે.
૪. કાઉન્સેલિંગ અને પ્રેરણાત્મક માર્ગદર્શનથી આત્મવિશ્વાસ વધારવો.
૫. ઓનલાઈન એપ્સ, ક્વિઝ અને સ્માર્ટક્લાસ રૂમ દ્વારા ટેકનોલોજી આધારિત અભ્યાસ પ્રોત્સાહિત કરવો.

**સૂત્ર અને પ્રયોગ જીવંત શિક્ષણ આપે છે.**

## ➢ ભાવિ સંશોધનમાટેના સૂચનો (Future Research Scope)

૧. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનાMCQ પરિણામોની તુલના.
૨. રટણ આધારિત અને ખ્યાલ આધારિત અભ્યાસની અસર પર તુલનાત્મક સંશોધન.
૩. ટેકનોલોજી આધારિત શિક્ષણની અસરકારકતા પર વિશ્લેષણ.
૪. માનસિક દબાણ અને પરીક્ષા પરિણામો વચ્ચેના સંબંધ પર વિશેષ અભ્યાસ.
૫. MCQ તાલીમ કાર્યક્રમ અમલમાં મૂક્યા પછીના પરિણામો પર પ્રયોગાત્મક સંશોધન.

**હાથમાં રસાયણ મનમાં સમજ**

---



# વિષય : શાળાના ધો. ૯/અ ગુજરાતી માધ્યમના બાળકોમાં શિસ્ત અને મૂલ્યોના અભાવ માટેના કારણો અને તેના ઉપાયોનો અભ્યાસ.

**વંદના જયસિંહ ભાભોર**
(મ.શિ. ઉ.મા.વિભાગ)

- **પ્રસ્તાવના :** શિસ્ત એટલે આત્મનિયંત્રણ અને મૂલ્યો એટલે બાળકના ચારિત્ર્યનું ઘડતર કરનાર પરિબળો. આજના યુગમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને આધુનિકતાના ઝડપી વિકાસ સાથે જીવનશૈલીમાં ઘણો બદલાવ આવ્યો છે. પરંતુ આ બદલાવના કારણે બાળકોમાં શિસ્ત, સંસ્કાર અને મૂલ્યોમાં ધીમે ધીમે ઘટાડો થતો જોવા મળે છે. પહેલાં જ્યાં બાળક પોતાના માતાપિતા, શિક્ષક અને વડીલોનો આદર કરતો, સત્ય બોલતો અને નિયમોનું પાલન કરતો હતો, ત્યાં હવે આ ગુણોમાં ઘટાડો જોવા મળે છે. આ પરિસ્થિતિનું મુખ્ય કારણ ઘરેલું વાતાવરણ, ટીવી-મોબાઇલ અને સોશિયલ મીડિયા જેવી આધુનિક સુવિધાઓનો વધુ પડતો ઉપયોગ, માતાપિતા અને શિક્ષકો સાથેનો ઘટતો સંવાદ તથા સ્પર્ધાત્મક જીવનશૈલી છે. બાળકો હવે વધુ સ્વકેન્દ્રિત બનતા જાય છે, જેના પરિણામે તેમની અંદર જવાબદારી, સંયમ અને સદભાવના જેવા મૂલ્યોનો અભાવ સર્જાયો છે.બાળકો રાષ્ટ્રનું ભવિષ્ય છે, તેથી તેમની અંદર શિસ્ત અને નૈતિક મૂલ્યોનું સંવર્ધન કરવું અતિ આવશ્યક છે. આ પ્રોજેક્ટ દ્વારા આજના બાળકોમાં શિસ્ત અને મૂલ્યોના અભાવના કારણો, તેના પરિણામો અને યોગ્ય ઉપાયો અંગે વિશ્લેષણ કરવામાં આવ્યું છે.
- **વિષયની પસંદગીના હેતુઓ :** આજના યુગમાં બાળકોમાં શિસ્ત અને મૂલ્યોના અભાવની સમસ્યા ઝડપથી વધતી જાયછે. ટેકનોલોજી,આધુનિકતા અને પરિવર્તિત જીવન શૈલીના કારણે બાળકોમાં પરંપરાગત મૂલ્યો ધીમેધીમે ઘટી રહ્યા છે. વાલી ઓ પાસે સંતાનોને સમય આપવા પૂરતો અવકાશ નથી.પરિણામે બાળકો વધુ પડતા મોબાઈલ અને ઈન્ટરનેટ તરફ વળી જાયછે. શાળાઓમાં પણ વિષય જ્ઞાન પર વધુ ભાર મુકાતો હોવાથી મૂલ્ય શિક્ષણ પાછળ રહી જાય છે.આ સમસ્યા માટે નીચે દર્શાવેલા હેતુઓને ધ્યાનમાં રાખીનેઆ સંશોધન કાર્ય કરવામાં આવ્યું છે.

- બાળકોમાં શિસ્ત અને મૂલ્યોના અભાવના મુખ્ય કારણો શોધવા.
- શિસ્ત અને મૂલ્યોના અભાવના પ્રભાવને સમજવા.
- બાળકોમાં શિસ્ત અને મૂલ્યો સ્થાપિત કરવા માટેના યોગ્ય ઉપાયો શોધવા.

**સંશોધન વગર શિક્ષણમાં પ્રગતિ શક્ય નથી.**